પોલીસ ઇન્સ્પેકટરની કચેરી
નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
ફોનનં-૦૭૯-૨૫૭૧૦૦૭૪E-polstn-narol-ahd @gujarat.gov.in
પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર - ૦૭૯-૨૫૬૨૭૫૧૦

GUJARAT POLICE

---

# પ્રેસ નોટ

## *** નારોલ પોલીસ સ્ટેશન ***

## બાગેફોશર ખાતે બંધ બારણે જુગાર રમતા બાવીસ ઇસમોને જુગાર રમવાના સાધનો સાથે કુલ્લે રૂપિયા-૩,૬૪,૩૬૦/-નો જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુક્ત પોલીસ કમિ. શ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના. પો. કમિ. શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો. કમિ. શ્રી "કે"" ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેકટર એસ.એ.ગોહીલ તથા સર્વેલન્સ સ્કોડ પો. સબ. ઈન્સ ડી.આર.રાવ તથા સાથેના અ.પો.કો. શક્તિસિંહ ઉદેસિંહ બ.નં.૫૭૩૩ તથા પો.કો.રામદેવસિંહ જયેન્દ્રસિંહ બ.નં.૮૨૭૬ તથા પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા પો. કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા પો. કો. સહદેવસિંહ દેવેંદ્રસિંહ બ.ન.-૧૩૦૮૪ તથા પો.કો ઇન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં ૯૯૫૮ તથા પો.કો યોગેશકુમાર ભગવતપ્રસાદ બ.નં ૬૩૬૦ તથા પો.કો જયપાલસિંહ મહેન્દ્રસિંહ બ.નં ૬૫૧ તથા પો.કો રોહિતસિંહ રામસંગજી બ.નં ૧૨૫૨૬ તથા પો.કો યોગીરાજસિંહ સુખદેવસિંહ બ.નં ૧૧૬૦૯ તથા પો.કો ચન્દ્રભાણ કૌશીકદાન બ.નં ૧૨૭૨૪ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન ફરતા ફરતા કલાક ૦૨/૧૫ વાગે બાગે ફોશર ખાતે આવતા પાસે આવતા અ.પો.કો વિજયસિંહ લાખુભાનાઓને ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે "ગોલ્ડન પાર્ક સોસાયટી મ.નં - ૧૨૪ ની સામેના ખુણામાં આવેલી પતરા વાળી ઓરડીમાં ઇબ્રાહિમ કાળીયો તથા બબલુ મંજન નામના ઇસમો પોતાના આર્થિક ફાયદા સારુ પતરા વાળી ઓરડીમાં બહારથી કેટલાક માણસો બોલાવી ગંજીપાના વડે પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી-રમાડે છે..અને જે પ્રવૃતિ હાલમાં ચાલુ છે." જે બાતમી હકિકત આધારે જુગાર કલમ.૬(૧) મુજબનુ વોરંટ મેળવી આરોપીઓ અલતાફ હુશેન ગુલામ હુસેન અજમેરી ઉ.વ.૩૭ ધંધો રી.ડ્રા રહે. રામલાલ નો ખાડો જુના વેર-હાઉસની સામે શાહપુર દરવાજા બહાર શાહપુર અમદાવાદ શહેર + ૨૧ = ૨૨ નાઓને પકડી તેઓની પાસેથી દાવ ઉપરના નાણા રૂ.૧,૫૫,૮૧૦/- તથા અંગઝડતીના નાણા રૂ.૪૮,૦૫૦/- તથા ઉપરોકત કબ્જે કરેલ વાહનોની કિ.રૂ.૧,૨૫,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૨૧ ની કિ.રૂ.૩૫,૫૦૦/- મળી કુલ્લે રૂ.૩,૬૪,૩૬૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે પકડેલ તથા વોંટેડ આરોપીઓ ઇબ્રાહિમ કાળીયો તથા બબલુ મંજન હોય જે બાબતે નારોલ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૧૩૬/૨૦૧૯ ધી જુગાર ધારા કલમ.૪,૫ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.